# મ્હારી ગઝલયાત્રા

૩૦મી ઑક્ટોબર, ૧૯૭૫. હું અમદાવાદની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં ભણતો હતો. સુશ્રી નીલમબહેન ગામડિયા, આ તારીખે દર વર્ષે અમદાવાદમાં બેગમ અખ્તરની યાદમાં ટાઉન હૉલમાં ગઝલનો કાર્યક્રમ રાખતા. આ જ તારીખે બેગમ અખ્તરનું ૧૯૭૪ના વર્ષમાં અમદાવાદમાં વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલમાં અવસાન થયું હતું.

તે રાત્રે જગજિત સિંઘ અને ચિત્રા સિંઘ ગઝલ ગાયનની રજૂઆત કરવાનાં હતાં. ટાઉન હૉલ પાછળના ગુરુકૃપા ગેસ્ટહાઉસમાં ૩૫૦ રૂપિયાના દૈનિક દરના રૂમમાં બંને રહ્યાં હતાં. મને ગઝલ વિષે ઝાઝી ખબર ન હતી પણ આગલા વર્ષે હું મુંબઈમાં ભણતો હતો ત્યારે આ યુગલની લોકપ્રિયતા શરૂ થઈ ગઈ હતી. એ રાત્રે મેં પહેલી વખત બંનેને સાંભળ્યાં. સ્વરાંકનો અને ગઝલ ખૂબ ગમ્યાં. ઉર્દૂ શબ્દોમાં ખાસ સમજ ના પડી, પણ તેના ફોનેટિક્સમાં ઘણો રસ જાગ્યો.

હું સમજી ગયો કે ઉર્દૂ ભાષા સમજ્યા વિના આગળ મજા નહીં આવે. થોડા દિવસમાં ઉર્દૂ ભાષાના દેવનાગરી લિપિના શબ્દકોશની તપાસ આદરી પણ સફળતા ના મળી. કોઈએ રવિવારની ગુજરીમાં જવાનું સૂચન કર્યું. ત્યાંથી મને ખરેખર એક વપરાયેલો પણ ખૂબ વિસ્તૃત શબ્દકોશ મળી ગયો. બસ, એ દિવસથી મ્હારી ગઝલયાત્રાનો પ્રારંભ થયો. ગાલિબ અને મીરથી શરૂ કરીને અહમદ ફરાઝ, કૈફી આઝમી અને નિદા ફાઝલીની ગઝલો ઉથલાવવા મળી. ઉર્દૂનો લગાવ વધતો ચાલ્યો.

તેવામાં ૧૯૮૦ના દાયકામાં સ્વ. પુરુષોત્તમ ઉપાધ્યાય અને શ્રી. આશિત દેસાઈ ગુજરાતી સુગમ સંગીતનો એક નવો યુગ લઈને આવ્યા, જેમાં ગીતો સાથે ગુજરાતી ગઝલોનો દમામ પણ હતો. તે સમય દરમ્યાન અર્વાચીન ગુજરાતી ગઝલના મોભ જેવા કવિઓ સર્વશ્રી મનોજ ખંડેરિયા, રમેશ પારેખ, રાજેન્દ્ર શુક્લ, આદિલ મન્સૂરી, ચિનુ મોદી, મનહર મોદી, જવાહર બક્ષી, રાજેશ વ્યાસ ‘મિસ્કીન’ વગેરેના ગઝલસંગ્રહ ઘરમાં આવવા લાગ્યા. તેમની ગઝલોમાં સાકી, સુરાહી, રફીક, રકીબ, કાસિદ, વાઇઝ જેવાં પાત્રોની

હાજરી તો ન જ હતી, પણ અનોખાં કલ્પન હતાં. અભિધા અને લક્ષણા કરતાં વ્યંજનાનો આવિર્ભાવ વધુ હતો.

મને આ ગઝલો ખૂબ ગમવા લાગી. જોકે વાંચવામાં અને સાંભળવામાં મજા આવતી હતી, પણ ગઝલના છંદ (અરુઝ), અરકાન, હિજજા વગેરે વિષે ના કોઈ જ્ઞાન હતું કે ના કોઈ ભાન હતું. મત્લા અને મકતા, બાકી વચ્ચે હોય તે શેર એટલી સમજ હતી. હું સંસ્કૃત છંદો સમજતો હતો પણ તેમાં હલંત અક્ષરની કોઈ ભૂમિકા નથી અને તેથી ફારસી અરુઝના ફોનેટિક્સ ગઝલમાં કેમ અસરકારક બને છે તે સમજવું મુશ્કેલ હતું.

હું દઢપણે માનું છું કે બે સળંગ લઘુ માત્રાનો ઉચ્ચાર, હલંત હોવા છતાં, સંસ્કૃત છંદોમાં બે અલગ લઘુ માત્રા પ્રમાણે કરીને, પદ્ય બોલચાલની ભાષાને બદલે વધુ કૃત્રિમ બને છે. ફારસી અરુઝ અને સંસ્કૃત પિંગળનો સમન્વય કરવાનું વિચારતા ભાષાવિદોને આ ભાવિ દુઃસાહસ માટે હૃદયપૂર્વક શુભ કામનાઓ.

થોડાં વર્ષો પછી કોણ જાણે મ્હારા મનમાં ગઝલ લખવાનું ભૂત સવાર થયું. થોડી ગઝલો લખી પણ ખરી. માત્ર મિસરાની કુલ માત્રા મેળવીને અને યોગ્ય કાફિયા અને રદીફ પ્રયોજીને. સાંભળો તો ગમે પણ સ્વરબદ્ધ કરવી અસંભવ. બ્હેર શબ્દ કદી સાંભળ્યો ન હતો. તે અરસામાં પરમ મિત્ર લોકપ્રિય સ્વરકાર રૂપકુમાર રાઠોડને મળવાનું થયું. સમજણ વગર, મેં તેમને મ્હારી એક ગઝલ આપી અને સ્વરબદ્ધ કરવા વિનંતી કરી. તે મને સમજાવી ના શક્યા પણ કહ્યું કે મિસરામાં વચ્ચે બ્હેર છૂટી જાય છે એટલે સ્વરબદ્ધ કરવી મુશ્કેલ છે. ધોયેલા મૂળા જેવો હું પાછો ફર્યો.

થોડા વખત પછી અનાયાસે કવિ ડૉ. રઈશ મણિયારનું પુસ્તક 'ગઝલનું છંદોવિધાન' મ્હારા હાથમાં આવ્યું. આ પુસ્તકને હું ગુજરાતી ગઝલની ગીતા માનું છું. આ પુસ્તકને વારંવાર વાંચ્યું, અને છંદ વિષે મગજનાં દ્વાર ખૂલી ગયાં. એમ કહો કે તે દિવસથી છંદનું વળગણ લાગ્યું. હવે મ્હારે માટે આ જનોઈ કાઢવી મુશ્કેલ છે.

વર્ષ ૨૦૨૦ના માર્ચ મહિનામાં વિશ્વમાં કોવિડકાળનું આગમન થયું. સંચારબંધી કરતાં પણ વધારે વિષમ સંજોગોમાં ઘર એક સ્વૈચ્છિક કારાગાર

બન્યું. નોકરી-વ્યવસાય અલોપ થયાં. આ પડકારજનક કાળખંડમાં, મેં કોઈ અગમ્ય કારણોસર ગઝલ લેખન પર ધ્યાન કેન્દ્રિત કર્યું. સાથે જ દૃઢનિશ્ચય કર્યો કે છંદની મર્યાદા તોડીને ગઝલમાં એક પણ મિસરો ન લખવો. વર્ષ વીતતાં ગયાં અને ગઝલો લખાતી ગઈ.

હું કોઈ પણ સામયિકમાં ગઝલ મોકલતો નહીં. થોડા મિત્રો અને ગઝલ રસિયાઓને વ્હૉટ્સ-ઍપ દ્વારા મોકલતો. આજે, આ મુકામ પર, મ્હારી ગઝલયાત્રાના ઉદ્દીપકોનો મ્હારે ઉલ્લેખ કરવો જ રહ્યો.

૨૦૨૨માં શનિસભાના યુવાન કવિઓ, જે દર શનિવારે કવિશ્રી 'મિસ્કીન'ના નેતૃત્વ નીચે મળતાં, તેમણે નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટની ઑફિસમાં આશિમા હાઉસ ખાતે તેમનો સાપ્તાહિક મુકામ ખસેડ્યો. પ્રથમ સભામાં ટ્રસ્ટ તરફથી મને પણ નિમંત્રણ મળ્યું. હું તો પ્રેક્ષક તરીકે ગયો હતો અને આ કવિઓને ઓળખતો ન હતો. કોઈ અજ્ઞાત કારણે, મને જોઈને મિસ્કીનસાહેબે કહ્યું, “તમારા ચહેરા પરથી મને લાગે છે કે તમે ગઝલ લખો છો. ચાલો પઠન કરો.” હું અવાક થઈ ગયો. અજાણ્યા કવિઓ વચ્ચે એ હતી મ્હારી સૌપ્રથમ રજૂઆત. શનિસભાના આ યુવાન કવિઓ મ્હારી જિંદગીમાં એક મોટું પરિવર્તન લાવ્યા. હું શનિવારે આ સભામાં જવા માંડ્યો અને ગઝલ પઠન કરવા લાગ્યો.

આ સમય દરમ્યાન, ઍડ્વોકેટ સ્વાતિ સોપારકર, જે મૅનેજમેન્ટના અભ્યાસમાં મ્હારી સાથે ભણતી હતી, તેને પણ હું ગઝલો મોકલતો. તેણે ગુજરાતી સુગમ સંગીતના સ્વરકાર અને ગાયક શ્રી અમર ભટ્ટને વિનંતી કરી કે તે મ્હારી થોડી ગઝલો સ્વરાંકિત કરે.

તે જ સમયગાળામાં, ગુજરાત વિશ્વકોષ અને ગાંધી આશ્રમના ટ્રસ્ટી, શ્રી નીતિન શુક્લ, જેમને હું અવારનવાર ગઝલો મોકલતો તેમણે આ ગઝલો તેમના સાહિત્યરસિક મિત્રવર્તુળમાં મોકલવાનું શરૂ કર્યું, એટલું જ નહીં 'નવનીત સમર્પણ'માં મ્હારા વતી તંત્રી શ્રી દીપક દોશીને આ ગઝલો મોકલી. તે છપાઈ પણ ખરી. આને પરિણામે મ્હારો આત્મવિશ્વાસ વધ્યો. કવિશ્રી ઉદયન ઠક્કરે, મ્હારો એક પણ ગઝલસંગ્રહ પ્રકાશિત ન થયો હોવા છતાં, મ્હારી બે ગઝલનો રેખ્તા ગુજરાતીની વેબસાઇટ પર સમાવેશ કર્યો.

હું, મ્હારા આનંદ માટે, મ્હારી બાનીમાં, ગઝલ લખું છું, પણ છંદ સાથે કોઈ પણ પ્રકારનું સમાધાન કર્યા વિના. બને ત્યાં સુધી, હું ગ્રાહ્ય છૂટ લેતાં પણ ખચકાઉં છું. ગુજરાતી સાર્થ શબ્દકોશ અને ભગવદ્ગોમંડળ વિશ્વકોષની જોડણી મ્હારે માટે અનિવાર્ય અને સર્વોપરી છે. હ્રસ્વ એ હ્રસ્વ છે અને દીર્ઘ એ દીર્ઘ છે તેમ માનવું જ રહ્યું.

આ સાથે જ, નિષ્ઠાપૂર્વક મ્હારી અંગત મર્યાદાઓથી વાચકને વાકેફ કરવાની મ્હારી ફરજ છે. મ્હારી પહેલી મર્યાદા છે કે ગઝલના શેરોની તરતીબ (ગઝલમાં ગોઠવણી) કરતી વખતે હું પરંપરાગત શૈલીને નથી અનુસરતો. દાખલા તરીકે મત્લા સિવાયના ઉલા અને સાની બંને મિસરામાં જો કાફિયા અને રદીફ આવે તો હું તેને પ્રાધાન્ય આપીને, હુસ્ને મત્લા તરીકે નથી ગોઠવતો. હું ગઝલના ભાવ સાતત્યને વધારે મહત્ત્વ આપું છું. તે જ પ્રમાણે મ્હારી ગઝલમાં મત્લાના કાફિયાની ચુસ્તતા ક્યારેક પાછળના શેરોમાં કાફિયાને સાચવી રાખીને વિસ્તરી શકે તે વાત મને ગ્રાહ્ય છે.

આ સાથે, મ્હારી બીજી મર્યાદા છે, મ્હારી શહરિયતની પશ્ચાદ્ભૂ. હું અમદાવાદમાં જ જન્મ્યો છું, ભણ્યો છું અને જીવ્યો છું. તેથી મને ગ્રામ્યજીવનની રહન-સહન અને તળપદી બોલીની મર્યાદિત સમજ છે. તેથી બે-ત્રણ ગઝલને બાદ કરતાં, મહદંશે મ્હારી ગઝલ શહેરીજીવનના પરિઘમાં ફરતી હોય છે.

મ્હારી ત્રીજી મર્યાદા એ છે કે હું જિંદગીમાં કોઈ જીવનનિર્વાહ માટેના આર્થિક સંઘર્ષમાંથી પસાર નથી થયો. તેથી, ૧૯૫૦ના દાયકામાં ઇંડિયન પીપલ્સ થિયેટરના આંદોલનના ભાગરૂપે લખાયેલ, કૈફી આઝમી અને શૈલેન્દ્ર પ્રેરિત સમાજવાદ અથવા કવિશ્રી ઉમાશંકર જોશીનો ‘ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ’ મ્હારી ગઝલોમાં મહદંશે ગેરહાજર છે.

મ્હારી ગઝલોમાં ક્યાંક શહેરની ભીડ વચ્ચે વ્યક્તિત્વના વિલોપન વિષેની વાત કરવાનો, તો ક્યાંક શહેરી સાયુજ્યની આત્મગત મૂંઝવણના તટસ્થ નિરૂપણને તાદશ કરવાનો મેં પ્રયાસ કર્યો છે. ક્યાંક આત્મસંવાદ દ્વારા સ્વપરીક્ષણ છે તો ક્યાંક સખ્યસંવાદના માધ્યમથી એક ભાવાત્મક નિરીક્ષણ છે. સ્વપ્ન, મિલન, વિચ્છેદ અને યાદોના ચતુષ્ક વચ્ચે રમતી આ ગઝલોમાં દરગુજર છે, આક્રોશ નથી. ફરિયાદ છે, પણ બગાવત નથી.

હું ચોક્કસ માનું છું કે માત્ર ગઝલ લખવાથી કવિ નથી થવાતું. કવિ તો ગીત, સૉનેટ, ખંડકાવ્ય, ભજન, દોહા, હાઇકુ, છપ્પા, ઊર્મિ કાવ્ય, અછાંદસ રચનાઓ વગેરે ઘણું લખવા સક્ષમ હોવો જોઈએ. આ પરિમાણ મુજબ હું મ્હારી જાતને કવિ ગણતો નથી.

મ્હારી ગઝલિયતમાં ઉર્દૂ અલફાઝ અને સંસ્કૃતના તત્સમ શબ્દોનો મેં જરૂર પ્રમાણે ઉપયોગ કર્યો છે, જે ઘણા ભાષાવિદોને અસ્વીકાર્ય હોઈ શકે. આ સંગ્રહ, પદ્યના અન્ય કોઈ પણ પ્રકારની પ્રસ્તુતિ વિનાનો, શત પ્રતિશત ગઝલસંગ્રહ છે. આ પુસ્તકમાં કુલ ૯૯ ગઝલો જુદાજુદા ૧૭ છંદોમાં આવૃત્ત થયેલી છે.

મ્હારો આ પ્રથમ ગઝલસંગ્રહ છે. હું તેને ‘મને આવડી તે ગઝલ’ માનીને ભાવકો સામે મૂકી રહ્યો છું. જો આ સંગ્રહ ‘ખરેખર, ગમી છે ગઝલ’માં પરિણમે તો મને ખૂબ આનંદ થશે.

– ચિંતન પરીખ

એપ્રિલ ૦૫, ૨૦૨૬, રવિવાર

# અનુક્રમ


1. ધૂંધળા સ્મરણપટ -------- 1
2. હાલત કફોડી છે ફરી ------ 3
3. નગર વેરાન લાગે છે ------ 5
4. ભૂવો જરી ગાફેલ છે ------ 6
5. તું પાંખને ફફડાવ નહિ ----- 7
6. થોડો ફરક તો છે -------- 8
7. આ સમય આતંક લાવ્યો છે હવે ---------- 9
8. આપણા પરિણય વિષે -----11
9. આજે બધે જ ગમનો ----- 12
10. હચમચાવીને કહે-------- 13
11. તું ભીતરથી જોડી તો જો--- 14
12. તું જ છે સર્વત્રમાં-------- 15
13. રાત ઓછી પડી -------- 16
14. ઉંમર વરસ અડસઠ------ 17
15. આંસુ તો પાંપણમાં------- 18
16. જિંદગી ધીમી પડી જા----- 19
17. આવશો માની અમે ------ 20
18. ચૂપ છે ------------- 21
19. ફૂલની જાજમ --------- 23
20. મ્હોરવાની છૂટ છે ------- 24
21. આ કોણ ઝળહળે છે ----- 26
22. એક નિર્વાસિત શ્રમિક અને મહાનગર ------------ 28
23. તે પ્હાડ પર વસે છે------ 29
24. આભાસ ફક્ત છે-------- 30
25. આજ નાટક બંધ છે------ 31
26. ગોખલાની આવ-જા ------ 32
27. કૈંક પ્હાડો નીકળે-------- 34
28. હશે તો ચાલશે -------- 35
29. યાદ ભીંતાયા કરે-------- 36
30. લથડતી જુબાનથી ------- 37
31. ઉર્દૂ કાફિયાની ગઝલ ----- 39
32. એ શ્વાન ક્યાં છે-------- 40
33. કર બોલવાનું બંધ ------- 41
34. બે કાફિયાની ગઝલ ------ 43
35. તૂટી જાય તે પ્હેલાં------- 45
36. ફિકર ક્યાં છે --------- 46
37. હવામાં છે કશી ગુસપુસ --- 48
38. જુદી છે ------------- 49
39. કેમ હૃદય સૂમસામ છે----- 50
40. થશે નવી ફસલ હવે ----- 52
41. સવારે પાંપણો પર------- 53
42. કારણ વિનાની જિંદગી ---- 54
43. શરત સહજ માર્ગની ----- 56
44. ...શું ચીજ છે---------- 57
45. ના પણ મળે ---------- 59
46. મારી કને આકાશ છે ----- 61
47. અજવાસથી આગળ જરી--- 63

48. મેઘાણીથી મિસ્કીન ------ 64
49. આબુમાં ધુમ્મસ -------- 66
50. ખળભળ વિષેની વાત છે --- 67
51. તો'ય કલરવ છે હજી ----- 69
52. સાયુજ્યનો અતીતરાગ ---- 70
53. માસૂમ આંખની એ ------ 72
54. ...હોઈ શકે ---------- 73
55. અમે ખખડી નથી શકતાં --- 74
56. હમરદીફ ગઝલ – ૧ ----- 75
57. હમરદીફ ગઝલ – ૨ ----- 76
58. કોવિડકાળ------------ 77
59. હમરદીફ ગઝલ – ૧ ----- 78
60. હમરદીફ ગઝલ – ૨ ----- 79
61. કોને ખબર ----------- 80
62. એક પ્રોષિતભર્તુકાની ગીતનુમા ગઝલ -------- 82
63. વ્હેલી સવારથી --------- 83
64. ...સોગાદ મળે તો બસ---- 84
65. બારણે ઊભા રહ્યાં------- 85
66. કંથાળ છે બન્ને તરફ------ 86
67. પાછા વળી ગયા -------- 87
68. નદી તો સાવ ખાલી છે---- 88
69. ...હાંફી ગયા ---------- 89
70. કોઈ અગમ્ય દેશ જવા ---- 91
71. શહરિયત દિલની-------- 92
72. બચાવ છોડ હવે -------- 94
73. ...નાચ્યો બહુત ગોપાલ---- 95
74. આજ મુશ્કેલ છે -------- 97
75. સામ્યની કમી છે-------- 98
76. યુદ્ધવિધવા------------ 99
77. રાતવાસો-------------101
78. રકઝક ------------- 102
79. ૭૯. જોતજોતામાં...----- 104
80. શું કરું? ------------ 106
81. ...તો મુસીબત છે -------108
82. ...તો મુસીબત છે ------ 109
83. કાલની અટકળ વિનાનાં---110
84. દૂરતા મજબૂર છે કે નહિ --111
85. લો, ચાલ્યા અમે --------113
86. લો, ચાલ્યા અમે --------114
87. ભાગ્ય હું લખતો નથી-----115
88. આપણું સાયુજ્ય --------117
89. મૃતદેહના ભેલાણમાં------118
90. કોઈના હાથમાં મશાલ નથી ------------- 120
91. મદમાતો આખલો -------121
92. ...તો ખરો----------- 122
93. બદલાય છે જ્યારે સમય ---123
94. ભોંયરા મનનાં...------- 125
95. હવેલી તે નથી જડતી ---- 126
96. સંબંધ એટલે વિસામા---- 127
97. ...આવ તું----------- 129
98. બાજી અમે સમજ્યા નથી---131
99. ...જરા જલ્દી કરો ------132